દુઃખી ભાઇ બ્હેન

છપાવી પ્રસિદ્ધ કરનાર

મુંબઈ ગુજરાતી નાટક મંડળી.

મુંબઈ:—

ધી રાઇઝીંગ સ્ટાર પ્રીંટીંગ પ્રેસ મધ્યે,

મહમદઅલી દાઉદખાને છાપ્યું છે.

સને ૧૮૯૫. સંવત ૧૯૫૨

કીંમત રૂ૦-૨-૦

પાત્રો.

ઈશ્વરદાસ..............લક્ષ્મીશંકરના પિતા.

મોંઘીબાઈ..............ઈશ્વરદાસના સ્ત્રી

લક્ષ્મીશંકર..........ઈશ્વરદાસનો પુત્ર

રતન..................ઈશ્વરદાસની પુત્રી.

અંબાલાલ...........લક્ષ્મીશંકરનો મામો

માનકુંવર............લક્ષ્મીશંકરની મામી.

ચંડિકા................લક્ષ્મીશંકરની માસી

વનમાળી...............એક નિમકહલાલ ગુમાસ્તો.

ગીરધરદાસ............લક્ષ્મીશંકરના કાકા.

શંભુદત્ત...............ગીરધરલાલનો પુત્ર

વસનજી................અંબાલાલનો પિત્રાઈ ભાયાત

ચંદ્રશંકર.............વસનજીનો દિકરો.

માનભાઈ............લક્ષ્મીશંકરનો સસરો.

ધનકુંવર..............માનભાઈની સ્ત્રી.

રમાલક્ષ્મી..........માનભાઈની પુત્રી, લક્ષ્મીશંકરની સ્ત્રી.

સગાં કુટુંબીઓ મેતા મુત્સદીઓ વિગેરે.

૬૦૭૪

નાટકનો સાર.

અંક ૧ લો.

ભાવનગર શહેરમાં ઇશ્વરદાસ નામના ગૃહસ્થ બ્રાહ્મણને ત્યાં એક લક્ષ્મીશંકર નામના છોકરાએ તથા રતન નામની છોકરીએ જન્મ લીધો હતો. ઇશ્વરદાસ જોકે પૈસે ટકે સુખી હતા પણ બાળક લક્ષ્મીશંકર તથા રતનની મા માંદી હોવાને લીધે હમેશાં દુઃખમાં દિવસો ગાળતા હતા. દૈવ યોગે ઇશ્વરદાસને પણ મહુવે ત્ર્યંબક શેઠ પાસે કાંઇ કામ પ્રસંગે જવું થતાં રસ્તામાં સર્પ ડંશ થવાથી તેઓ પણ મરણ પામ્યા. આ ખબર મહુવેથી તાર માર્ફત તેમની પેઢી ઉપર આવ્યા. વનમાલી નામનો એક ગુમાસ્તો તારના ખબર ઇશ્વરદાસને ત્યાં આપવા જતાં ઇશ્વરદાસનાં ધણીઆણી બાઇ મોંઘીબાઇ પણ ક્ષયના રોગમાં અતિશય પીડાતાં હતાં નાંનાં બાળકોનો કળાપો તથા બાઇની આખરી સ્થિતિ જોઇ વનમાલીના પગ પાછા પડયા, પણ ધીરજ રાખી આ દુઃખદાયક ખબર કહ્યા બાળક લક્ષ્મીશંકર તથા રતન માથે દુઃખનું વાદળ તુટી પડયું. પોતાના પતિના મૃત્યુના ખબર સાંભળી વર્ષ દિવસથી ઘાંસણીના રોગમાં પીડાતાં સતી બાઇએ તુરતજ પ્રાણ ત્યાગ કર્યો; બાળકો મામા માસીને પનારે આવી પડ્યાં. બાળક લક્ષ્મીશંકરનો અંબાલાલ નામનો મામો પોતાના બનેવીની પેઢીમાંજ ગુમાસ્તો હતો; ઇશ્વરદાસનો કુટુંબી હોવાથી તમામ ગુમાસ્તાનું ઉપરીપણું તો હતુંજ તેમાં વળી ઇશ્વરદાસ ગુજરી જતાં પોતે સ્વતંત્ર થયો; પોતાના ભાણેજની તમામ મીલકત ચાવી જવાના ઇરાદાથી પેઢીના સર્વ ગુમાસ્તાને રજા આપી. એક વનમાલી નામનો ગરીબ પણ નિમકહલાલ નોકર પોતાની

શેઠાણીને મરતી વખત આપેલાં વચન ઉપરથી બાળક લક્ષ્મીશંકર તથા રતનની સંભાળ રાખવા અંબાલાલને ત્યાં વગર દોકડે નોકરી કરવા બંધાયો. દશ દિવસમાં તો નીચ મામાએ ઇશ્વરદાસની તમામ મીલકત ખેદાન મેદાન કરી નાખી. બાળક લક્ષ્મીશંકરે પોતાના માતા પિતાનો દહાડો કરવા મામા પાસે માગણી કરતાં દુષ્ટ મામાએ તથા ચંડિકા નામની રાંડી રાંડ માસીએ દહાડો કરવા ના કહી, આ વખતે લક્ષ્મીશંકર અનહદ ફિકરમાં આવી પડયો. પોતાના પિતાની અખુટ દોલત છતાં તે દહાડા વગર જશે એ વિચારમાં પોતાના દેહનું પણ ભાન ભુલી ગયો. વનમાલીએ ઘટતી ધીરજ આપી અને તેમના ગોવિંદજી નામના બનેવીથી મેલાપ કરાવી દીધો. લક્ષ્મીશંકરની મોટી બ્હેન જોકે ગુજરી ગઇ હતી તોપણ પોતાની ભલાઇ જાળવવા ગોવિંદજી, શ્વસુર પક્ષ તરફ તેટલીજ ચાહના રાખતો હતો; આ વખતે બાળક લક્ષ્મીશંકરને કોઈ વાતે ઓછું આવવા ન દેતાં પોતે સાથે જઇ તેના યજમાન નામાંથી ફાળો કરાવી દઇ દહાડાનું કાર્ય પુરૂં કર્યું.

આજ શહેરમાં અંબાલાલનો એક વસનજી નામનો પિત્રાઇ ભાયાત રહેતો હતો તેની સાથે ચંડિકા આડો સંબંધ ધરાવતી હતી. એક દિવસ વસનજીને ત્યાંથી જમવાનું નોતરૂં આવતાં બાળક લક્ષ્મીશંકર તથા રતનને લઇ, માનકુંવર નામની મામી તેને ત્યાં જમવા ગઇ. જમતે જમતે વિષયાંધ વસનજીએ માનકુંવરની કાંઇક મશ્કરી કરી. ખીજ ચડવાથી બાળક લક્ષ્મીશંકર તથા રતનને લઇ જમતી ઉઠી પોતાને ઘેર ચાલી ગઇ. આ તકનો લાભ લઇ ચંડિકાએ પોતાના ભાઇના કાન ભંભેર્યા દુ:ખના વખતમાં દિલાસો દેનાર લક્ષ્મીશંકર તથા રતનને માત્ર માનકુંવરજ હતી. તે આ બન્ને બાળકો ને પોતાના ફરજંદ પ્રમાણે ચહાતી હતી એટલુંજ નહિ પણ એમનાં માતા પિતા ગુજરી ગયાં છે એવું સ્વપ્ને પણ

બાળકોના મનમાં લાવવા ન દેતી. એક દિવસે ભુખથી ટળવળતાં બાળકને પોતે ઘરમાંથી ઘી ગોળ ચટાડતી હતી, તે ચંડિકા ભાળી જવાથી પોતાના ભાઇને તેડી આવી સર્વ બનાવ નજરે દેખાડયો. અંબાલાલ કાળનો માર્યો માનકુંવરને મારવા લાગ્યો. ચંડિકાએ ઘી ગોળનો વાટકો બાળકોના હાથમાંથી ઝુંટી લીધો. એટલેથી પણ તેઓ સંતોષ ન પામતાં બન્ને બાળકોને ઘરમાંથી કાઢી મુકયાં.

---:o:---

અંક ૨ જો.

પોરબંદરમાં ઇશ્વરદાસના, નાનાભાઇ ગીરધરલાલ રહેતા ત્યાં આ બન્ને બાળકો મામા માસીનાં કાઢી મુકેલાં રખડતાં રઝળતાં આવી ચડયાં. કાકાનું ઘર જોયેલું નહિ હોવાથી અહિંથી તહિં અને તહિંથી અહિં ભટકતાં હતાં તેવામાં રસ્તે જતો એક માણસ આ બન્ને બાળકો પાસે આવી ચડયો. વાતચિત થતાં મરનાર ઇશ્વરદાસનો તે મિત્ર જણાયો. પોતાના પિતા ગુજરી ગયાછે એ ખબર પોતાના કાકાને નથી એમ જ્યારે આ માણસ તરફથી લક્ષ્મીશંકરને જણાવવામાં આવ્યું ત્યારે અજાયબ થયો. કાકાને મોઢે એકદમ વાત કરવાથી તેઓ બહુ દિલગીર થશે એમ ધારી કાકાને ઘેર જઇ તુરત તેણે પોતાના પિતા ગુજરી ગયાની વાત ઉચારી નહિ. એકલાં બાળકોને જોવાથી ગીરધરલાલને અજાયબી લાગી; પોતાના ભાઇના ખબર પુછતાં કોઇ યુક્તિથી બીજીજ વાત લક્ષ્મીશંકરે કરી, તેમાં અચાનક પોતાના પિતાના દશ હજાર રૂપીઆ પોતાના કાકા પાસે લેણા છે એ વાત ફુટી. રૂપીઆ લઇ તુરત તાર મારફતે ભાવનગર ગોવિંદજી ઉપર મોકલી આપ્યા. થોડા વખત વાત વિસારે પડયા પછી લક્ષ્મીશંકરે પોતાના પિતા ગુજરી ગયાની વાત પોતાના કાકા પાસે કરી; ગીરધર-

લાલ, મોટા ભાઇના મૃત્યુના ખબર સાંભલી બહુ દિલગીર થયા. થોડા વખત પછી ગીરધરલાલના વિચાર પણ બદલાણા છોકરાએ મારી સાથે દગો રમી રૂપીયા કઢાવી લીધા. એમ ઘડીભર તેના મનમાં થયું પણ આ વખતે પોતે શાન્ત રહ્યા; કારણ પોતાના એક મુર્ખ શંખદત્ત નામના છોકરાનું વેવીશાળ કરવા રતનને આડી દેવા વિચાર હતો. પોરબંદરમાંજ રહેતા એક સાઠ વર્ષના મોનજી ભટ નામના બુજરગ ડોસાની છોકરી શંખદત્તને દેવી અને મોનજી ભટની તુરતમાંજ ગુજરી ગએલી સ્રીને ઠેકાણે રતનને દેવી એવો નિશ્ચય કરી ઘેર આવી લક્ષ્મીશંકરને વાત જણાવી; લક્ષ્મીશંકરે પોતાના કાકાને ઘટતો તિરસ્કાર આપી આ ગોઠવણ નાપસંદ કરી.

લક્ષ્મીશંકરે પોરબંદર આવ્યા પછી, દશ હજાર રૂપીઆ મળ્યાના ખબર ભાવનગર વનમાલી ઉપર લખેલા આ કાગળ અંબાલાલના વાંચવામાં આવતાં પાછો પોતાના ભાણેજને પૈસાવાળો થયો જાણી સ્વાર્થી મામો, કાકા ભત્રીજાને તકરાર થઇ તેજ વખતે પોરબંદર આવી પહોંચ્યો. છોકરાંઓને ફોસલાવી પટાવી પાછો ભાવનગર પોતાને ત્યાં લઇ ગયો.

વસનજીની સ્રી ગુજરી ગયેલી હતી, માત્ર એક ચંદ્રશંકર નામનો છોકરો હતો તે મુંબઇમાં ભણતો; તે આ વખતે મે,વેકેશનની રજા પડતાં મુંબઇથી ભાવનગર આવેલ તેમને વસનજીએ ખાવાનું લઇ ચંડિકાને આપવા મોકલતા અનાયાસે રતનનો મેલાપ થયો. માનકુંવરને અધરણી હોવાથી ચંડિકા ઘરમાં કામકાજમાં રોકાયેલી હતી તેથી રતનને તથા ચંદ્રશંકરને વધારે એકાંતનો લાભ મળતાં બન્નેની એક બીજા તરફ પ્રિતી જણાઇ.

અધરણીનું કાર્ય પુરૂ થયું. બાળક લક્ષ્મીશંકર તથા રતનની આધાર રૂપ મામી, પ્રસુતિમાં મરણ પામી. છોકરાંઓ માથે વળી પાછું દુઃખ આવી પડ્યું.

અંક ૩ જો.

મહુવામાં માનભાઇ નામના વકીલની છોકરી પદ્માલક્ષ્મી બહુ ડાહી અને ચતુર હતી. તેની વેરે મરનાર માનકુંવર લક્ષ્મીશંકરનાં માગાં કરતી, અને માનભાઇએ લક્ષ્મીશંકરને આપવા કબુલ પણ કરેલ. હજુ હિંદુ જ્ઞાતિના સંસારિક રિવાજ મુજબ ગોળ ખાવાની ક્રિયા થઇ ન હોતી તેવામાં તો માનકુંવર મરણ પામી અને વાત વિસારે પડી થોડા વખત પછી પદ્માલક્ષ્મી વેરેજ અંબાલાલે પોતાનું વેવીશાળ કરવા વનમાલીને મહુવે મોકલ્યો. વનમાલી આ સર્વ હકીકત જાણતો હતો. મહુવે જઇ વનમાલી લક્ષ્મીશંકરનું વેવીશાળ કરી આવ્યો. માનભાઇ પણ પોતાના ભાણેજનાં લગ્ન હોવાથી સહકુટુંબ તુરતજ ભાવનગર આવ્યા. અનુકુળ પ્રસંગ જોઇ વનમાલીએ પદ્માલક્ષ્મી તથા લક્ષ્મીશંકરને એકાંતમાં મેળવતાં લક્ષ્મીશંકરે પદ્માલક્ષ્મીને મામી કહી બોલાવી તેમાં તમામ ભેદ ફુટી ગયો.

નીચ અંબાલાલ તથા ચંદ્રિકાની મુરાદ હજુ હાંસીલ થઇ ન હતી લક્ષ્મીશંકરે ક્યાં રૂપીઆ રાખ્યા છે એનાથી પણ તેઓ અજાણ્યાં હતાં આજે છોકરા માથે ચોરીનું આળ ચડાવી રૂપીઆ કઢાવી લેવા એવો નિશ્ચય કરી લક્ષ્મીશંકર ઘરમાં આવતાં તેને વાતચિતમાં નાખી તેના કડીઆંના ખીસામાં માનકુંવરના ગળાનો એક સોનાનો દાગીનો સેરવી દીધેઃ તેવોજ વનમાલી ભાળી ગયો. અહિં વનમાલી જાહેર થયો. અંબાલાલને ભમાવવા વધામણી આપી કે હું તમારૂં વેવીશાળ કરી આવ્યો. અંબાલાલે ખુશી થઇ ઇનામની માગણી કરવા વનમાલીને કહ્યું. વનમાલીએ લક્ષ્મીશંકરના ખીસામાં નાખેલો દાગીનો માગ્યો. અહિં પણ અંબાલાલ નાસીપાસ થયો.

વસનજીનો અને માનભાઇનો મેલાપ થતાં વાતમાં બધી હકીકત જાહેર થઇ કે પદ્માલક્ષ્મી અંબાલાલને નહિ પણ

લક્ષ્મીશંકરને આપેલી છે. વસનજી એ ઘેર આવી અંબાલાલને તથા ચંડિકાને વાકેફ કર્યાં. કોઈ પણ રસ્તો નહિ સુઝવાથી લક્ષ્મીશંકરને ઝેર આપી મારી નાખવાનો ત્રણે જણાએ નિશ્ચય કર્યો. આ વાત છુપી રીતે ચંદ્રશંકરના સાંભળવામાં આવી.

અંબાલાલે માનભાઈના સહકુટંબને તથા બીજાં સગાં સંબંધીઓને જમવા નોતરી લક્ષ્મીશંકરને ઝેરના લાડુ પીરસાવ્યા આ વખતે ચંદ્રશંકર તથા લક્ષ્મીશંકર જોડા જોડ જમવા બેઠા હતા. ચેતેલા ચંદ્રશંકરે લક્ષ્મીશંકરના ઝેરના લાડુ બદલાવી લેતાં વસનજીની નજર પડી બાપ દિકરાને તકરાર થતાં તમામ ભેદ ફુટયો. નિર્દોષ માણસનો જાન બચ્યો અંબાલાલ ચંડિકા, તથા વસનજીએ પોતાના કૃત્યની માફ માગી. લક્ષ્મીશંકર તથા પદ્માલક્ષ્મી અને રતન તથા ચંદ્રશંકરનાં નીરંતરને માટે જોડાં બધાણાં.

5010

દુઃખી ભાઇ-બ્હેન.

અંક ૧ લો.

ઈશ્વરદાસ— ૧

સિદ્ધેશ્વર સર્વેશ્વર દાતા, મુજ પિતુ ભ્રાતા, પ્રભુ સાક્ષાતા;
મુનીવર ગાતા અખિલ ગણાતા, અલખ જણાતા, પદ પંકાતા.
શ્રી મુરારી પાવનકારી, ગીરધારી, ગીરધારી ધારી,
સેવા સારી, સુખ કરનારી, દુઃખ હરનારી, બલિહારી.

ઈશ્વરદાસ— ૨

આ જગમાં જેણે સુત કેરૂં સુખ નહિ દીઠું.
અન્ય લાગશે નહિ કદી પણ મીઠું સાચું છે.
બાળક નાનાં રમતાં મન લોભેછે;
જન્મારો માબાપ તણો શોભેછે. સાચું છે.
કરી લાડ ઘરમાં આનંદ વરતાવે
અનુભવતાં સુખ બહાર જવું નહિ ભાવે. સાચું છે.

બાઇરાંઓ— ૩

વાંકે અંબોડે શ્રીનાથજી ને સુંદર શ્યામ સ્વરૂપ;
વલ્લભ સુત સેવા કરે એવા શ્રીગોકુલના ભૂપ.
પાઘ બાંધે વ્હાલો ઝળકશી ને સુંદર વાઘા સાર;
પટકાછે પચરંગના સજીયા તે સોલે શણગાર.

બાઇરાંઓ— ૪

મોહન મલપતા ઘેર આવ્યારે,
મેં તો લઈને મોતીડે વધાવ્યારે;
વ્હાલે મારે કરૂણાની દ્રષ્ટે જોયુંરે,
બાઇ મારૂં એ વરશું મન મોહ્યુંરે.

પડયું મારે નંદના કુંવર સાથે પાનુંરે;
બાઇ હું તો કયમ કરી રાખીશ છાનું રે;
હરીજન કહેવું હોય તે કહેજોરે,
વ્હાલા મારા -હદયા કમલ વચ્ચે રહેજોરે.

બાઇરાંઓ— ૫

જાઓ જાઓ છે શરમ, કેવું કરોછો કરમ,
જાણ્યો તમારો ભરમ, બેશરમ;
કેવો ભોંઠો પડી થયો કંઇ નરમ; જાઓ.

બ્રાહ્મણ—શાપ આપી ખાખ કરૂં ભસ્મ બધી થઇ જાઓ,
બાઇરાંઓ—જાઓ જાઓ બીજે કયાંય ભોળીબાઇઓ ધુતી ખાઓ
બ્રાહ્મણ—ભૂદેવને ભોંઠા પાડી કાળીકાનો ભોગ થાઓ. જાઓ.

માનકુંવર— ૬

હાં હાં બાપુ છાની છાની મારૂં કહ્યું માનીરે;
મારૂં કહ્યું માનીરે, મુંઝાય કાં તું શાણીરે ? હાં હાં
લાડ લડાવીશ લાડિલી મારી,
ઓછું ન લાવીશ ડાહી પુત્રી પ્યારી,
રડી રડી આંસુ શું તું સારતી દીવાનીરે ? હાં હાં

ગુમાસ્તા— ૭

જુલમ આ કરમાં કરમાંરે
તુ મદ આ ધરમાં ધરમાં અરે કાં બુદ્ધી તારી છે ફરી
તારા ભાણેજના સુખ આડે ફરમાં
શેહનું સત્યાનાશ તું વાળી સુખ કયાંથી પામીશ ઘરમાં

અંબાલાલ—બક બક કરતા જાઓ અહિંથી
ગુમાસ્તા—વણ મોતે તું મરમાં મરમાં
અંબાલાલ—સારૂં સારૂં
ગુમાસ્તા—હુડીયો.
અંબાલાલ—જાઓ છો કે મારૂં ?
ગુમાસ્તા—હુડીયો.
અંબાલાલ—બસ બસ તારૂં.
ગુમાસ્તા—હુડીયો.
અંબાલાલ—મોતજ ધારૂં
ગુમાસ્તા—હુડીયો. જુલમ.

વનમાલી— ૮

કામ કરું હું હજાર, કહો તો જાઉં હું બજાર;
ભુલ પડે મારો માર, કરો આ ઉપકાર.
ઘરમાં કહો તેટલું ખાઉં, ક્યાંએ બહાર નહિ જાઉં;
હુકમ કરે હાજર થાઉં, બધો સમજી સાર. જી.
પગ ચાંપું કરવત મુકી, માથે તમાકુની ભુકી,
ફુંકું ફુંકું થુકી થુકી, મારૂં જુત્તી ચાર.
મારો મિજાસછે બારી, વખતે દઈશ હું તો મારી,
પણ વાતને વિસારી, જાવી મુજ સરદાર. જી.

લક્ષ્મીશંકર— ૯

દુઃખનું વાદળ આવી તુટયું, દાવાનળ દળ માંહી બળું રે:
શી રીતે કહો કયાં હવે હું, વ્હાલી માતને ભેટી મળું રે?
મતી મુંઝાએ મન ગભરાએ આંસુ આંખમાં સારી રે;
બાળક કેરાં બન્ને દુશ્મન થયાં તમે શું ધારી? દુઃખ.
મારાં કહી હવે કોણ બોલાવે, કોણ ચલાવે સાથે રે,
અણુ સમજુ અમ બન્ને બાળક આવ્યું દુઃખ અમ માથે. દુઃખ.

માનકુંવર— ૧૦

નહિ મુંઝાઓ મારાં લાડકડાં
સમજુ છો મારાં બાલકડાં. નહિ.
દુઃખ વિસારો મનમાં ન આણો
માત તમારી છું હું જાણો
મન ગમતાં સુખ બાપુ માણો:
બ્હેન આપીશ હું તને હેમ કડાં. નહિ.

લક્ષ્મીશંકર— ૧૧

જાણી ચતુરાઇ હવે ચુપ, જાઓ દૂર થાઓ
બાળક જાણી બનાવો, કળોયાંને શું સતાવો?
જુઓ ધર્મ કર્મ શર્મ, ચુપ ચુપ. જાણી.
બાળને ફસાવો, ઉંધું ચિંતું કાં ઠસાવો!
ફોકટ ફુલાઈ જાઓ, ભાણેજને ફોલી ખાઓ
કામ કીધું સારૂં વાહ! જો હજાર છે ધિઃક્કાર
છે ધિઃક્કાર ચુપ ચુપ. જાણી.

લક્ષ્મીશંકર— ૧૨

મુજ મામો મનમાં દયા કંઇ ન લાવ્યો,
મીઠું મીઠું બોલી મારી દોલત લઇ ફાવ્યો. મુજ.
માત તાત કેરૂં માથે દેણું રહેશે
ગામ આખું વળી મને ફટફટ કહેશે મુજ,
અંતર કેરી લ્હાય કહો ક્યાં હું ઠારૂં ?
નકી મામા તારૂં થશે નહિ સારૂં. મુજ.

રતન— ૧૩

અમ પર આતે દુઃખ શાં આવીયાં
હાય હાય હાય સહન ન થાય માડી,
માડી ને બાપા શીદ મરી ગયાં ?
ઓશીયાળાં બાલકડાં કહાવીયાં,
મામા મારે મામી કેર કરે હાય માડી, માડી.

અંક ૨ જો.

રત્ન—લક્ષ્મી— ૧૪

ઇશ ગતી તારી, ધન્ય લીલા ન્યારી ન્યારી,
રાયને તું રંક કરે રંકને ઉગારી. ઈશ.
વિચરૂં દુઃખોદધી માંહ્ય અતિ કષ્ટ દેહને થાય,
જીવ મુંઝાય શું ઉપાય કરૂણા કર તારી. ઇશ

શંખદત્ત— ૧૫

વાળ ઉતારૂં કાલ તમારા સજીયાથી બાપા મારા.
સજીયો વિલાતી રૂડો સલી સાથ નેરણી ઝુડો
કમાણી કરશું એમાં, શાહુકાર કહેવાશું તેમાં. ઓ બાપા મારા
હજામ હું કહેવાઉં, બહાદૂરમાં ગણાઉં
સોનાનો ચાંદ મળશે બાપાની ભૂખ ટળશે
પરણું પ્યારી, જોશે વારી, ધારી ધારી, સાસું મારી,
લે ઉગારી, કહીશ હું નારી; ઓ બાપા મારા.

રત્ન—લક્ષ્મી— ૧૬

આનંદ આનંદ ઉરમાં અમારા આજે
છલકાતો આનંદ ઉરમાં અમારા આજે.
ઘેળાં ઘેળાં રૂડાં ચગદાં રૂપાળાં મળ્યાં
લક્ષ્મી—બ્હેન બાપુ વધાઈ સઘળે તું આજે લ્હાજે. છલકાતો.
બન્ને—રૂપીયા મલતાં હવે ચમન ઉડાવશું
લક્ષ્મી—નાનાં, નાનાં, કલ્લાં કરાવું તારે કાજે. છલકાતો.

લક્ષ્મીશંકર— ૧૭

ભરી આવું રૂપીયા જુઓ મજા.
જુઓ મજા પછી અમન ચમન કરી કાઢું કજા. ભરી
નજરે નિહાળી જોયું ન્યાયી નિયંતા
મેહેર કરી ઘનશ્યામે ભાઈ ભાઈ વિજય ધ્વજા. ભરી.

માનકુંવર— ૧૮

ચેન ન લગાર થાય દુઃખ બે સુમાર
પ્રભુ આમાંથી ઉગાર લઇ વિનંતિ સ્વીકારી.
શોધું કયાં હું ભટકી, માસી મામે નાખ્યાં પટકી,
રહે ધીરજ ન ટકી, છઉં દુઃખીઆરી. ચેન.
બાપુ કરો ન હેરાન તમ વીણ લાગે રાન
ભુલી ગઈ દેહ ભાન મરતી મામી
ઝેર જેવો આ સંસાર થઇ ગયોછે આવાર
કેમ કરો ન કીરતાર નજરે સામી ચેન.

માનકુંવર— ૧૯

સુખ પામી દુઃખ વામી બાળક હું જોવા પામી
આખર મારાં ભાણેજડાંને ભેટીરે
ખબર તેં લીધી અંતર્યામિ,
આનંદ વધાઈ આજ મારે કાંઇ નહિ ખામી
દુઃખ મારાં લીધાં તેં સમેટીરે,
સુખી કરી દીધી અંતર્યામિ.

લક્ષ્મીશંકર— ૨૦

કાય કંપે થરરરરરરરર
શરમાય નહિ નીચ પાપી વદતાં મરીશ ભુંડે હાલ તું હા! કાય
બાળકીના દુશ્મનો સમજો હવે કંઇ તો તમે
જા જા જા જા -હૃદય ચક્ષુ ઉઘાડ તું હા! કાય.

શંખદત્ત— ૨૧

હું લડાઈમાં જાઉં લડવા અરે વાહ વાહ વાહ
બંદાને જોઈને બહાદૂર ભાગે
કાયરની ગોળી કાનમાં વાગે
જેમ ઘનનનનનનન જેમ ઘનનનનનનન. હું
લડાયકો સાથ લડતાં લડતાં.
પુંઠ ફેરવીને પડતાં પડતાં
ભાગું સનનનનનનન. ભાગું સનનનનનનન. હું.

રતન—લક્ષ્મી— ૨૨

પામર આ પ્રાણી ઉરે દયા આણી
સેવક આ જાણી, વ્હારે ચડો કરૂણા ધારી; પામર
હા! બહુ મુંઝાયાં, હા! બહુ ગભરાયાં
શરણે અમ આવ્યાં, વ્હારે ચડો કરૂણા ધારી. પામર.

રતન— ૨૩

અહો તારા સ્નેહથી વિસાર્યાં માત તાતને
નવિન નવિન નીત પ્રયોગો આચરતાં
ખુશી રાખવા અમો બ્હેન ભ્રાતને. અહો.
ચુમી લઈ હેત કરે, છાતીએ દબાવે
ધન્ય ધન્ય મામી તારી જાતને. અહો.

રતન— ૨૪

મોહન મજા જોવાની બતાવું હું ઓહો તમે ચાલો, તમે ચાલો.
ચંદ્રશંકર—કરો આંખના શું અણસારા!
રતન—છેલ છબિલા લાગો રૂપાળા
ચંદ્રશંકર—મોહ બાણથી શું પ્રાણ આમ હરોરે છોગાળાં પ્યારાં.
ચાલો તમે ચાલો.

રતન—છોડો છોડો અમસ્તી વાતુ
ચંદ્રશંકર—વ્હાલી મારાથી નથી ચલાતું
રતન—છક્કો છેક શું છચોક જોશે લોક
ચંદ્રશંકર—થશે હાંસી ફોક. ચાલો તમે ચાલો.

બઈરાંઓ—

૨૫

પેલો વધાવો બેણુને આવીયો. (૨)
હવે બીજોરે બેણુ નાગરબાર નવરંગ સોહ્યરો.
અધરણી વધાવો બેણુને આવીયો
હવે ચોથોરે બેણુ નાગરબાર નવરંગ સોહ્યરો.
પાંચમો વધાવો બેણુને આવીયો
હવે છઠ્ઠો રે બેણુ નાગરબાર નવરંગ સોહ્યરો.
ઘઉં ખાવરાવો બેણુના સસરા ઘેર
પરસુદી રે બેણુ નાગરબાર નવરંગ સોહ્યરો.

બઈરાંઓ—

૨૬

બેણુને પીઠી ચોળો અતી ઘણી, બેણુને ખોળે આવ્યાં અધરણી
બેણુનો હાર હીરે જડયો બેણુનો અંબોડો ફુલે ભર્યો
બેણુ સેરીએ સાંચરીયાં જોવા મળીયાં લોકરે બેણુ જેઠડીયાં
બેણુ તમારાં પીયરીયાં જે બોલે તે ફોકરે બેણુ જેઠડીયાં
બેણુની ચુંદડીએ ચટકો ઘણો, બેણુની રાખડીએ લટકો ઘણો
બેણુ તમારા ખોળામાં ખોળામાં ખારેક રે બેણુ જેઠડીયાં
બેણુ તમારાં પીયરીયાં, પીયરીયાં પારેખ રે બેણુ જેઠડીયાં

બઈરાંઓ—

૨૭

હાથ કાંસકડીને કસવટ નાડાં
વેણુ ગુંથાવા બેણુ ચાલ્યાં
બેણુની વેણુ કોઈ ગુંથી ન જાણે, ગુંથાની ન જાણે
ગુંથે મારા લક્ષ્મીબાઇની રાણી
લક્ષ્મીબાઇની રાણીને આવતી વહુ ઠકરાણી
તેણે મારી બેણુ શણગારી.

બાઈશાંઓ— ૨૮

મોહી મોહીરે ઠાકરીયાલાલ કાંટડો સાલેરે.
ગોરી તમને સાલે ને મને પીડ ,,
તારો ભાઈ હજામ તેડાવ ,,
તેની સોનાની નરણી ઘડાવ ,,
તારી ભાભી પાણીયારી તેડાવ ,,
તેની પાસે પગ ધોવરાવ ,,

માનકુંવર— ૨૯

સરસત સ્વામને વિનવુંરે ભાણુજી.
ગણપત લાગલું પાય તું તો મારો નાનેરો ભાણુજો.
ભાણેજનો મામો લાવે ટોપરાંરે ભાણુજો.
ભાણુજો લાવે ગોળ તું તો મારો નાનેરો ભાણુજો
ટોપરાં ખાઉં તો મને ફુચા વળેરે ભાણુજો.
મીઠો લાગે ભાણુજાનો ગોળ તું તો મારો નાનેરો ભાણુજો

બાઈશાંઓ— ૩૦

ઉંચે ટીંબે ઢમ ઢમ વાગે ચાલો જોવા જઈયેં રે
માનકુંવર વહુનો ભાઈ આવ્યો ,,
લગર ભરીને ખાતર લાવ્યો ,,
ગોરને ગધેડો આપ્યો ,,
મુસદીયાને ગુદું આપ્યું. ,, ઉંચે

બાઈશાંઓ— ૩૧

શિયળવ્રતની ઉપર પ્રિત ધારો સખીરે મારી સાહેલડી, સાહેલડી
શિયળવ્રતને જ સમજી સુધારો સખીરે મારી સાહેલડી સાહેલડી
શિયળથી ઉલટી રીતને કરજો બ્હેની દૂર
શિયળવ્રતથી સ્વર્ગમાં જાશો બ્હેન જરૂર
શિયળવ્રતથી વિમુખને સંહારો સખીરે,
વેદ પુરાણ સહુ એ વદે રે લોલ
શિયળના સમો નબીજો લ્હાવ રે સજીએ અમે એ સહુ હોંસથી રે લાલ
મસ માયા મોહ મદથી મન મારો; સખીરે.
શિયળવ્રતના વ્રત સમું વ્રત બીજું નહિ કોઇ

સૌ પછી બીજાં વ્રત તમે વ્હેન કરો શું જોઇ
કરી ઉત્તમ સફલ કુટંબ સહુ તારો. સખીરે.
સુખ પામશો એ થકી વ્હેનો બધં રે લોલ
શિવજીવ્રતનો જ રૂડો પ્રભાવ રે સજીએ અમે એ સહુ હોંસથી રે લોલ
થાઓ જગમાં શિવજીવતીનો વધારો. સખીરે.

અંક ૩ જો.

અંબાલાલ— **૩૨**

નહિં આશા મારી થઈ સફલ જનાં પ્રાણ પ્યારી તજી મને
છે જીંદગી હાં હવે અફલ પ્રભુ દોષ આમાં દઉં તને; નહિં
લવલેશ દીસે ન દયા ધરી ગઇ વ્હાલી મારી તું ક્યાં મરી ?
રહી રહી અરે આશા ભરી, પ્રાણ આવું હું તારી કને. નહિં

લક્ષ્મીશંકર— **૩૩**

અહા મિત્ર તરી કૃતી બહુ સારી
દુઃખ હરનારી સુખ કરનારી. અહા
કષ્ટ સર્વ હારી સુખ દીધું ભારી
બન્યો ઉપકારી શકું ન વિસારી. અહા

મનકુંવર— **૩૪**

જગદીશા માન્ય કરજે વિનતિ
દાસીની બાંહ્ય ધરજે. જગદીશા.
સૌભાગ્યાલંકાર પતિની
યશ વૃદ્ધિ હોય મતિની
લજ્જા તું રાખ સતિની
સ્વામિનુ દુઃખ હરજે. જગદીશા

માનભાઈ— **૩૫**

ચતર નાર સજી શંગાર ઠમક ઠમક પગ ધરાર
ધરતી અવની પર, કરાર કરતી સ્થાન કરવા. ચતર
ગુણમાં નિધાન ભાણુ. રૂપમાં અનુપ ખાણ
સુશિલ સ્વામિની આ પ્રાણ, દે'કતી મૃગનયની બાણ
પ્રાણ હરવા. ચતર.

માનભાઈ— ૩૬

હે શંકરા, શુભ કરજે તું
ક્રુર વિચાર સુધાર અમારા દીન દયાળુ પ્રભુ દુઃખહરા. હે.
આર્ય ભાઇનો ઉદય ઇચ્છું ઈશ્વરા
વિનંતિ મારી લઇ સ્વીકારી હૃદય ધારી
મતી સુધારી, પ્રિય થનારી આ કર અમારી
દુઃખહારી સુખકારી નજર તારી કરતું હે ભૂધરા. હે.

પદ્માલક્ષ્મી— ૩૭

મન ગમતું થાતું અમારૂં પિતાજી
ઉપકાર માનું ઇશ શુભ કરશે તમારૂં મન.
જુગ જુગ સુખ પામો દુઃખ વામો
એ આશીર વચન અમારૂં પિતાજી મન.

લક્ષ્મીશંકર— ૩૮

છાની છાની છાનીરે બ્હેન. હાં હાં હાં
રડીશના ડરીશના બ્હીશના
ડર વ્હાલી બ્હેની કાંઈ તું દીસે.
* * * * * * *
શાન્તથા પ્યારી બ્હેન સુશિલે.
* * * * * * * છાની.

લક્ષ્મીશંકર— ૩૯

મામી સાહેબ મામી સાહેબ આવો અલબેલાં
મનમાં વસેલાં વ્હાલાં રહો ભેળાં, છ ડુકો કરો કાં કાલાં ઘેલાં છકેલાં
—મામી,

પદ્માલક્ષ્મી—અમથી મનાવો કાં ! અમથી સતાવો !
લક્ષ્મીશંકર—ઓહો. ઓહો.
પદ્માલક્ષ્મી—લુચ્ચા લુચ્ચાઇ તજી રંગે રમાડો
લક્ષ્મીશંકર—કાંઈ તો વિચારો. મનમાં શું ધારો ?
પદ્માલક્ષ્મી—રીવાજ સારો. આતો તમારો.
લક્ષ્મીશંકર—વાહવાઃ વાહવાઃ મામી.